

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

પૈંધા પડેલા આશ્રિતો સામે જંગ પડી ગયો છે,
ચડી છે વાત 'વટે' મામલો તંગ થઈ ગયો છે.
ભંગ પડે છે 'કેન્દ્ર-રાજય' શાસનની પ્રણાલીમાં -
કોમી સમસ્યાઓ રાજકીય રંગ ચડી ગયો છે...

હાઈકુ

પડી ગયો છે
હિંદુત્વની ત્રિવાટે
કુડાળે પગ...
(અમિતભાઈની પીડા)

લાગી છે ઠેંસ,
ઊંચું જોઈ ચાલતા -
આ ચાણક્યને...
(બહુમતનો મદ)

### ચિંતન

*અર્જયિત્વા અખિલાન્ અર્થાન્ ભોગાન આપ્નોતિ પુષ્કલાન્ ।*
*ન હિ સર્વપરિત્યાગમ્ અન્તરેણ સુખી ભવેત્ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

સર્વ ધર્મ કમાઈને પુરુષ પુષ્કળ ભોગો પ્રાપ્ત કરે છે, ભોગવે છે, પરંતુ સર્વનો ત્યાગ કર્યો વિના સુખી થતો નથી.

સર્વ ધન કમાઈને તે વ્યક્તિ પુષ્કળ ભોગો ભોગવે છે, માત્ર ધન કમાઈને નહીં પણ સર્વધન! સર્વધન એટલે દુનિયાનું જેટલું છે તેટલું બધું જ, એમ નહીં સર્વ ધર્મ એટલે કે જે કાંઈ વસ્તુમાંથી આપણને સુખ મળે, અથવા જે કોઈ આપણને જીવનનિર્વાહમાં ઉપયોગી થાય, તે બધું જ જેમ કે પ્રાચીન જમાનામાં ગાયો જ સર્વસ્વ હતી. એ જ ધન હતું. તેથી તો કદાચ ગાયોના સમુહને પણ 'ધન-ધણ' કહે છે.

જનકના દરબારમાં યાજ્ઞવલ્ક્ય ગાયો જ લઈ જાય છે, નચિકેતાના પિતા દાનમાં ગાયો આપે છે. વેદોમાં પણ દસ્યુઓ ગાયોનું હરણ કરી જાય છે અને ગુફામાં સંતાડી રાખે છે, જયાંથી અર્યમા તેને શોધી કાઢે છે. ટૂંકમાં આપણે જેને સુખ માનીએ, તે જેમાંથી પ્રાપ્ત થાય એ ચીજ આપણા માટે ધન છે.

### સુવિચાર

- પૈસા વગરનો માણસ એટલે તીર વગરનું કામઠું - **જન્મભૂમિ**
- સુંદરતા મનની રાખજો, ફેસવોશથી મોઢા ચમકે છે, દિલ નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર જેવો સંપૂર્ણ કવિ બીજો કોઈ નથી - **ઓશો**
- બુદ્ધિશાળીઓ માટે કોઈ પણ બાબત અજ્ઞેય નથી - **શાકુંતલ**
- જો કોઈ તમને ક્રોધમાં આવીને શાપ આપે, તો તમે સામો શાપ ન આપો, યાદ રાખો, ક્રોધના શાપથી આશિષનું ફળ મળે છે- **સંત રૈદાસજી**
- ધૃણા પોતે જ સ્વ-સજા છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : ચાર અંજીરને આખી રાત પાણીમાં પલાળી સવારે નરણા કોઠે ખાવાથી દિવસમાં દુઝતા હરસ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વિચિત્ર સ્વભાવ ધરાવતા તીખા મજગના દાદા જમીને આડે પડખે થયા. એમના તોફાની પૌત્રને દાદાની ટીખળ કરવાનું મન થયું. એણે દાદાની મૂછ પર વાસી ચીઝનું ચીણ ભભરાવી દીધું. દાદાને ઊંઘમાં ખરાબ વાસ આવતા ઉઠી ગયા. અને 'રૂમમાં વાસ આવે છે'નું રટણ કરવા લાગ્યા. પૌત્રે કહ્યું, 'દાદા, મને તો કંઈ વાસ આવતી નથી.' દાદા ઘરના દરેકરૂમમાં જાય છે પણ પેલી વાસ તેમનો પીછો છોડતી જ નથી. છેવટે બહાર ગલીમાં નીકળે છે. ત્યાં પણ પેલી બદબૂ એમનો પીછો છોડતી નથી. મનમાં તેમને થાય છે કે આ વાસ આખા ગામમાં ફેલાઈ ગઈ છે. અને ગામના લોકોને આની જરાય ખબર નથી. છેવટે તેમનો પૌત્ર તેમની મૂછ ઉપર વાસી ચીઝનું છીણ કાઢી હાથમં આપે છે. અને દાદાને વાસ્તવિકતાની જાણ થાય છે. દાદાને મૂછ પર વાસી ચીજ હોવાને કારણે ચારેકોર દુર્ગંધનો અનુભવ થતો હતો. એમ ઘણા લોકોનાં મનમાં એટલી બધી નકારાત્મકતા ભરી હોય છે કે એમને દરેક બાબત અને પરિસ્થિતિમાં અવળું જ દેખાય છે. જેવું મનમાં હોય એવું આપણે વિચારીએ છીએ અને જેવું વિચારીએ છીએ એવું આપણા વાણી-વર્તન-વ્યવહારમાં આવે છે.

# ઊંઝાને આંગણે આસ્થાનો મહાકુંભ

ગુજરાત બહારની દુનિયામાં પટેલોના પ્રદેશ તરીકે જાણીતું થયું છે. પડતી ટહેલ ઝીલી જાણે એનું નામ પટેલ. પટેલ સમાજના બે મુખ્ય ફાંટા છે : કડવા પટેલ અને લેઉવા પટેલ. આ બેઉ એક જ મહાજાતિ પાટીદારની બે શાકાઓ છે, જે પૈકી કડવા પાટીદારોની સવિશેષ વસતિ ઉત્તર ગુજરાતમાં છે અને પછીના ક્રમે સૌરાષ્ટ્ર, કચ્છ તથા દક્ષિણ ગુજરાતમાં છે. કડવા પાટીદારો જગજનની ઉમા (પાર્વતી)ને એમનાં કુળદેવી માને છે. ઊંઝા ખાતે આવેલું ભવ્ય ઉમિયા માતાજીનું મંદિર એમનું અંતિમ આસ્થા કેન્દ્ર છે. અગાઉ પણ અહીં મોટો લોકોત્સવ ઊજવાયો હતો, અને એથી અદકેરો લક્ષચંડી યજ્ઞ મહોત્સવ હાલમાં ઊજવાઈ રહ્યો છે. લાખોની સંખ્યામાં કડવા પાટીદાર સમાજના આબાલવૃદ્ધ નરનારી આ મહોત્સવમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક સામેલ થયાં છે. દેશવિદેશથી લોકો ઊમટ્યા છે જેમના રહેઠામ, ભોજન અને ભજન-ઉપાસનાની પ્રચંડ વ્યવસ્થા ઊંઝા અને આસપાસના ગામોમાં લોકોએ ઉમળકાભરે ઉપાડી લીધી છે. શ્રદ્ધાના અનેક વિશ્વવિક્રમો નોંધાયા છે. આટલી મોટી સંખ્યામાં ઊમટેલા જનસમુદાયને જરા પણ મુશ્કેલી ન પડે, ઉમિયા માતાજીનાં દર્શન થાય અને પૂજાપાઠ વગેરે કર્મકાંડમાં સામેલ થવા ઉપરાંત બધાને સમયસર ચાનાસ્તાથી લઈ ભોજન

**તંત્રીસ્થાનેથી...**

અને રહેણાકની સુચારું વ્યવસ્થા જળવાય એ માટે ઉણિયા માતાજી ટ્રસ્ટના સી કે પટેલ તથા ઉત્સવ સમિતિના ચેરમેન તથા મણિલાલ મમ્મીથી લઈ સમાજના વિવિધ અગ્રણીઓ ખડેપગે સેવા આપી રહ્યા છે. માતાજીનું કામ ગણીને સેંકડો એકર જમીન નાના અને સીમાંત ખેડૂતોએ બે પાકની આવક જતી કરીને મહોત્સવ માટે અર્પણ કરી છે તો વળી બાર વર્ષના બાળકથી લઈ એંશી વર્ષના બુઝર્ગ સુધીના હજારો સ્વયંસેવકો રાતદિવસ શ્રદ્ધાળુઓની સુવિધા - પગરખાંથી લઈ રસોડા અને શયનખંડ સુધીની સાચવવા ખભેખભા મિલાવી કામ કરી રહ્યા છે. ઊંઝા ડોલરિયું નગર ગણાય છે. જીરું અને વરિયાળી જેવા રોકડિયા પાકોનું એશિયાનું સૌથી મોટું માર્કેટ યાર્ડ ધરાવતું ઉમિયાનાં સંતાનોનું આ નગર વિશ્વસ્તરે વેપારનું પીઠું ગણાય છે પરંતુ એ જ વાણિજ્ય નગરી આજકાલ દેશની સૌથી મોટી ધર્મનગરીમાં ફેરવાઈ ગઈ છે. ઊંઝાનો આ લક્ષચંડી યજ્ઞ ઐતિહાસિક સીમાચિહ્ન સમો બની રહેશે કારણ કે નજીકના સૈકાઓમાં આટલી મોટી સંખ્યામાં માનવમેદની માત્ર કુંભમેદા સિવાય બીજે કયાંક ભેગી થઈ નથી. ઉત્તર ગુજરાતમાં જ અંબાજી માતાનું મંદિર પણ છે, જે જાણીતી શક્તિપીઠ છે, પરંતુ ત્યાં આટલી મોટી સંખ્યામાં જનમેદની ઊમટી નથી કે લક્ષચંડી યજ્ઞ યોજાયો નથી. દેશમાં જયારે નાગરિકાત સંશોધન કાનૂન સામે પ્રચંડ આક્રોશની આગ ફેલાઈ રહી છે ત્યારે ઊંઝામાં વિશ્વશાંતિનો સંદેશ પાઠવતો મહાયજ્ઞ યોજાઈ રહ્યા છે તે જ શૂચક નથી? ગુજરાત પાટીદારોનો પ્રદેશ છે અને ઉમિયા માતા પાટીદારોનાં કુળદેવી છે. એક ખમતીધર ખેડૂત પ્રજા જે કણમાંથી મણ પેદા કરતી રહી છે એન જે જાતમહેનતથી દુનિયા આખીમાં આગવી ઓળખ ઊભી કરી સકી છે, એનો આ ભક્તિભાવ જોઈને જીવન પ્રત્યેની આસ્થા જાગે છે. 'કણબી પાછળ કરોડ' કહેવત અમસ્તી તો નહીં જ પડી હોય ! ગરવી ગુજરાત પર માતાજીના આશીર્વાદ ઊતરે એજ પ્રાર્થના.

# નાગરિક્તા સંશોધન અધિનિયમ-૨૦૧૯

## ભારતનું બંધારણ જડ નથી સમયની સાથે તેમાં પરિવર્તન આવે તે ઈચ્છનીય છે, ભારતમાં લોકશાહિ ટકી છે તેનો યશ સંપૂર્ણ રીતે ભારતના બંધારણને જાય છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી



નાગરિકતા સંશોધન અધિનિયમ-૨૦૧૯ સંસદમાં પાસ થઈ ગયેલ છે જેને કાયદાનું સ્વરૂપ રાષ્ટ્રપતિશ્રીએ મહોર મારી દિધી છે. રાજયોમાં તેના કારણે હિંસક તોફાનો થઈ રહ્યા છે. સામાન્ય જન માનસને પ્રશ્નએ થાય કે આ કેવું બીલ છે કે જેનાથી હિંસા ફેલાય છે. જનતા રોડ ઉપર ઉતરી વિરોધ કરી રહી છે. ધાર્મિક ઉત્પીઠનનો શિકાર બનેલ લાખો શરણાર્થીઓ જે પાકિસ્તાન, અફઘાનીસ્તાન, બાંગ્લાદેશથી ભારતમાં વર્ષોથી શરણાર્થીઓ તરીકે રહેતા આવેલ છે. અગર તો રહેવા માંગ છે તેમને ભારતની નાગરિકતા પ્રદાન કરતું બીલ જેનો વિરોધ મુસ્લીમો તથા હિન્દુના હોય તેવા લોકો રાજયોમાં ઠેરઠેર કરી રહ્યા છે. જે રાજકિય પક્ષો પ્રેરીત હોવાનું સ્પષ્ટ અનુમાન થાય છે કારણ કે આ બીલ આવવાથી દેશમાં વસતા કોઈ જ મુસ્લીમોની નાગરિકતા સમાપ્ત થવાની નથી. ભારત, પાકિસ્તાનના ભાગલા સમયે બન્ને દેશના બંધારણમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે ધર્મના આધારે જે નાગરિકોને જે દેશમાં વસવાટ કરવો હશે ત્યાંની નાગરિકતા જે તે દેશ આપશે. પાકિસ્તાનથી લાખો હિન્દુઓ હીજરત કરી ભારત આવેલા જયારે ભારતમાંથી અસંખ્ય મુસ્લીમો પાકિસ્તાન જતા રહેલા. નાગરિકતા અધિનિયમ બીલથી અસંખ્ય નાગરિકોને શરણાર્થીઓને નવજીવન મળશે તેમને નાગરિ તરીકેની પાકિ ઓળખ મળશે. ભારતના બંધારણમાં આપવામાં આવેલા તમામ હક્ક, અધિકારો તેમને આપોઆપ મળી જશે.

ભારત એ વસુદેવ કુટુમ્બકમ માં માનતો દેશ છે. પ્રાચીન ભારતીય પરંપરા અનુસાર આ નિર્ણય નિશ્ચિત રૂપે એક ગૌરવપૂર્ણ ભારતની પરિકલ્પનાને ચરિતાર્થ કરતો નિર્ણય છે. આ નિર્ણયથી દરેક ભારતીયનું માથું ગૌરવથી ઉંચું થવું જોઈએ.

દેશની અનો લાંબાગાળાની પડતર યોજનાઓનો અમલીકરણમાં મુકી કાયદો પસાર કરવાની સામર્થતા દેશની વર્તમાન સરકારમાં છે તેનું દરેક ભારતીયોએ ગૌરવ લેવું જોઈએ પછી તે બંધારણની કલમ ૩૭૦ રદ કરવા માટેનો નિર્ણય હોય કે ત્રિપલક તલાક રદબાતલ ઠરાવતો નિર્ણય હોય, રામ મંદિરનો નિર્ણય હોય દરેક ભારતીયો માટેના સમાન હક્ક, સમાન, કાયદાના સિધ્ધાંતને અનુરૂપ કાયદો ઘડવામાં આવ્યો છે. જુની પરંપરા, રૂઢી, રીવાજ જે દેશના એક નારગિકથી બીજા નાગરિકને અલગ સમજતા આ તેવા તમામ કાયદાઓ વર્તમાન સરકારે બદલી નાંખ્યા છે. અગરતો તેમાં જરૂરી પ્રવર્તમાન જીવન ધોરણ અનુરૂપ સમાન બનાવ્યા છે.

નાગરિક સંશોધન અધિનિયમ એ ભૂતકાળની ખામીઓ, ભુલોને સુધારી અસંખ્ય પડિત શરણાર્થીઓને ઈજ્જત બક્ષતો વ્યક્તિથી રાષ્ટ્ર સર્વોપરી છે તેવી ભાવના ઉજાગર કરતો કાયદો છે. દરેક વ્યક્તિના આત્મ સન્માનને વધારના છે.

રાજકિય પક્ષોએ ભૂતકાળમાં કરેલ ભૂલોને સુધારી દરેક શણાર્થીઓને આત્મ સન્માન, ગૌરવ તથા રાષ્ટ્ર પ્રત્યે અતુટ પ્રતિબધ્ધતા પૂર્ણ સમપર્ણ બક્ષતો કાયદો પસાર કરેલ છે. જેનો વોટ બેન્કની તૃષ્કરણની નિતિરીતીથી વિરોધ પક્ષ દેશની આમ જનતાને ભોળવી વિરોધ પ્રદર્શન કરાવી રાષ્ટ્રની સંપીને નુકશાન પહોંચાડવાનો આમ જનજીવનને ખોરવવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહી છે.

ભારતમાં રહેતા શરણાર્થીઓને બંધારણીય વાણી સ્વતંત્રતા, ધર્મ પાલનનો અધિકાર સહિતના અધિકારો આપે છે. જેનાથી વિશ્વમાં આપણી લોકશાહી ગૌરવશાળી બની છે, લોકોના હિત માટે ઈઝ ઓફ લીવીંગ માટે જરૂર જણાય ત્યારે કાયદામાં સુધારા કરવા તથા કાયદા બદલવા માટે આર્ડીજન્સ લાવવા સરકાર મક્કમ જણાય છે.

બંધારણમાં ભારતને સર્વભોમ, સમાજવાદી, બીન સાંપ્રદાયીક, લોકશાહિ પ્રજાસત્તાક અને કલ્યાણ રાજય જાહેર કરવામાં આવ્યું છે તે દ્વારા લોકોને ન્યાય સ્વતંત્રતા અને સમાનતાની ખાતરી આપવામાં આવી છે. આ ત્યારે જ શકય બને જયારે ભારતમાં વસતા તમામ નાગરિકને ભારતીય નાગરિકતા પ્રાપ્ત હોય, વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા બરકરાર રાખવા સંવિધાનના મૂળભૂત માળખાની રચના કરવામાં આવી છે. જેનો લાભ ભારતના દરેક નાગરિકોને સમાન રીતે મળવો જોઈએ જો ભારતીય નાગરિતા જ વ્યક્તિ પાસે ના હોય તો સમાનતાના હક્કોથી વંચીત રહી જાય છે.

ભારતનું બંધારણ જડ નથી. તેનો પ્રવાહ નદી જેવો છે. સમયની સાથે તેમાં પરિવર્તન આવે તે ઈચ્છનીય છે. ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષો જુની છે. પ્રાચિનતાની સાથે આધુનિકતા આવે તેવું એક બંધારણ દરેક વ્યક્તિ માટે સમાન રીતે લાગુ પડવું જોઈએ. ભારતમાં હિન્દુ ધર્મની સંખ્યા

**અનુસંધાન પાના નં ૭ પર**

# મુશ્કેલીનો સામનો કરતાં આપણે હાર કે થાક સ્વીકારીએ જ નહિ તો?

**વિજ્ઞાન એટલે જીવન વિશેના કૌતુકની એક લાગણી**
**ધર્મ એટલે જીવન વિશેની આદરની લાગણી**
**સાહિત્ય એટલે જીવનની ભવ્યતા અંગેની લાગણી**
**- લિન યુટાંગ**

આજના આ હાઈટેક યુગમાં એક ક્લિક દબાવતાં સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી ઘટનાો અંગે માહિતી મેળવતા બની ગયેલા આપણે વિજ્ઞાન, ધર્મ અને સાહિત્યના મૂલ્યો સમજી શક્યા છીએ ખરાં? દેશ-વિદેશ અને દુનિયાભરની બાબતો અંગે માહિતગાર એવા આપણે આપણા (બેસિક) એટલે કે મૂળભૂત સિદ્ધાંતો અંગે જ સ્પષ્ટ નથી. અને કદાચ એવા મૂળમાં પણઆ ઈન્ટરનેટ બાબત છે. દેશમાં બળાત્કાર થાય, બળવો પોકારાય કે સંસદમાં કંઈ અગત્યની ઘટના અંગેની ચર્ચા થઈ હોય આ અંગેની તમામ વિગતો યુવાનો સુધી પહોંચે અને અડધું વાંચીને, અડધું સાંભળીને અને કયારેક સાવ નજીવું સમજીને આખેઆખી ઘટનાનું સ્વરુપ જ સાવ જુદું બની જાય છે. જાગૃત હોવું, પોતાના હક માટે લડવું કે પોતાનો અવાજ કોઈ અન્યાય સામે ઉઠાવવો એ જરા પણ ખોટું કે અજુગતું લાગે તેવું નથી. પણ આપણે આખેઆખી બાબતને જાણીએ, તેનો અભ્યાસ કરીએ અને પછી જ આ અંગે પોતાનો સારો કે ખરાબ પ્રતિભાવ આપીએ એ જરૂરી છે.

આપણે આજે સાવ સાદી-સીધી અને સરળ બાબતને કોમ્પ્લીકેટ કરી નાખતા બન્યા છીએ. કારણ ભલે ગમે તે હોય સુખ, સમૃદ્ધિ અને સગવડ આ બધું જ વધવા છતાં માનસિક શાંતિ કે અંદરથી એક પ્રકારના સંતોષની લાગણીથી દૂર થતા જઈએ છીએ. આપણે પોતે જ આપણી જાતને આજે અમુક પ્રશ્નો પૂછવા પડશે ! શું આપણે ઘસઘસાટ સૂઈ શકીએ છીએ? શું આપણે પથારીમાં પડીએ એટલે તરત જ ઊંઘી શકીએ છીએ ખરાં ? અને ઊંઘ પૂરી થતાં જ એટલીજ સ્ફૂર્તિ સાથે ઊઠી પણ શકીએ છીએ ખરાં? આપણને આજે જમવામાં દુનિયાભરના પકવાન મળે છે. આપણે ઈન્ટરનેટની મદદથી ગમે તે વસ્તુ બનાવી શકીએ છીએ અને સ્વીગી અને ઝેમેટો ની મદદથી ઓર્ડર પણ કરી શકીએ છીએ. ત્યારે પ્રશ્ન એ છે કે આપણે આ જે કાંઈ પણ ખાઈએ છીએ તેમાં સ્વાદ આવે છે ખરો ? પાણી પીવાથી જાણે ગંગાનું પવિત્ર પાણી પીધું હોય તેવો સંતોષ મળે છે ? ખાધું-પીધું બરાબર પચી જાય છે ખરું ?

આપણે જે કંઈ પણ કામ કરીએ છીએ તે કામ કરવાનો ઉત્સાહ, ઉમંગ અને રોમાંચ આપણામાં હજી છે ખરો ? આપણું કામ કરતાં કરતાં કોઈ બીજાનું કામ આવી પડે તો તેને પણ તરત જ અને આનંદપૂર્વક કરી નાખવામાં આપણને મજા આવે છે ? આપણે એટલા ખુશ-ખુશ અને હળવાફૂલ હોઈએ કે ચાલતી વખતે લાગે કે જાણે હવામાં ઉડી રહ્યા છીએ એવું સતત આપણે અનુભવી રહ્યા છીએ ખરા? રસ્તામાં કે પાર્કમાં ચાલતી વખતે કયાંક કોઈ કચરો દેખાય તો તરત જ તેને લેવામાં આપણને મજા પડે છે ? નદી, ઝાડ, પર્વત એવા કુદરતના સામિપ્યને મોબાઈલને દૂર મૂકીને માણી શકીએ છીએ ખરાં ?



WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

કયારેક કોઈ કારણસર ઉજાગરો થઈ જાય તો એક જ ઊંઘ એની ખોટ પૂરી કરી ફરીથી તાજગી અને સ્ફૂર્તિ મેળવી શીએ છીએ ખરાં ? આંખોમાં એક ચમક અને જીગરમાં એક જોમ સતત આપણામાં છલકાતું રહે છે ખરું ? અઘરામાં અઘરું કામ માટે આપણે સૌથી પહેલાં તૈયાર હોઈએ એવું બને ખરું? મુશ્કેલીનો સામનો કરતાં આપણે હાર કે થાક સ્વીકારીએ જ નહિ તો? નિષ્ફળતા, હતાશા કે કોઈની હાંસીને પાત્ર બનવાનો કોઈ ડર જ ન રહે તો ? ન આપણને ગુસ્સો આવે કે ન કોઈ ફરિયાદ કરીએ અને અન્યની કદર માટે સતત તૈયાર રહીએ એવા બની જઈએ તો કેવું સારું ? આપણે બધાં જ જો આવા બની જઈએ તો કોઈ ઉદ્વેગ, કોઈ અજંપો કે કોઈ તનાવ સમાજમાં રહે જ નહીં.

**તુમ બતાતે થે કિ અમૃત સે બડા હૈ હર પસીના,**
**આંસુઓ સે હૈ ન જ્યાદા કીમતી કોઈ નગીના;**
**યાદ હરદમ વહ કસમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.**
**તુમ નહીં થે વ્યક્તિ, તુમ આઝાદિયોં કે કારવાં થે,**
**અમ્ન કે તુમ રહનુમા થે, પ્યાર કે તુમ પાસબાં થે;**
**યહ હકીકત હૈ, ન ભ્રમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.**
**તુમ લડકપન કે લડકપન, તુમ જવાનોં કી જવાની,**
**સિર્ફ દિલ્લી હી ન, હર દિલ તા તુમ્હારી રાજધાની;**
**પ્યાર વહ અબ ભી ન કમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.**
**- 'નીરજ'**

- nehalgadhavi101@gmail.com

# 'ઉર્દૂ શાયરી મેં ગીતા'માં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે શ્રીકૃષ્ણનો સંદેશ

હમણાં બનારસ હિંદુ યુનિવર્સિટીમાં સંસ્કૃતના વિદ્વાન મુસ્લિમ પ્રાધ્યાપકની નિયુક્તિ સામે જાગેલા આંદોલનને પગલે એણે રાજીનામું આપવું પડ્યું એ નયા ભારતનો સંદેશ આપે છે, પણ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારને



માથે એ કાયમ કાળી ટીલી બનીને રહેશે. આ એવા શાસનકાળમાં બની રહ્યું છે જયારે બાદશાહ ઔરંગઝેબનું નામ ભૂંસીને દિલ્હીમાં રાષ્ટ્રનાયક સરદાર પટેલ અને કાઈદ-એ-આઝમ મોહમ્મદઅલી ઝીણા રહેતા એ રસ્તાને ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામનું નામ અપાય છે કે અંગ્રેજ હાકેમ દલહાઉસીનું નામ ભૂંસીને દારા શિકોહનું નામ અપાય છે. એકબાજુ, ગંગા જમુની તહેજીબનાં રાજકીય ઢોલ પીટાય છે અને બીજીબાજુ, મુસ્લિમો સંસ્કૃત ભણી કે ભણાવી ના શકે એના વિરોધાભાસ ઊભા કરાય છે. રખે માનીએ કે આપણે ત્યાં બાદશાહ ઔરંગઝેબના સહોદર દારા શુકોહ પછી પ્રાચીન ભારતીય સંસ્કૃત ગ્રંથોમાંના જ્ઞાનની પરંપરાને આગળ વધારવા માટે મુસ્લિમ ધર્માવલંબીઓ આગળ આવ્યા નથી.મુઘલ સામ્રાજ્યના અસ્ત પછી પણ ભારતમાં આ પરંપરાને બિન-હિંદુ રાજવીઓ તેમજ વિદ્વાનો થકી પણ અખંડ રાખવામાં આવી છે.પ્રત્યેક બાબતને ધાર્મિક ચશ્માથી જોવાની વિકૃત માનસિકતામાંથી બહાર આવીને ભારતની ધરતી પર કોમી એખલાસ અને અનેકતામાં એકતાને નિહાળવાની કોશિશ કરીએ તો દ્રશ્ય રૂડુંરૂપાળું ભાસે છે. ક્યારેક ૮૬ વર્ષીય પંડિત ગુલામ દસ્તગીર બિરાજદાર જેવા સંસ્કૃતના મહાપંડિત કહે કે પવિત્ર કુર્રાન શબ્દ જ મૂળમાં સંસ્કૃતમાંથી ઉતરી આવ્યો છે ત્યારે આશ્ચર્ય થાય.જોકે તેઓ સ્પષ્ટતા કરે છે કે કુ + રાન એટલે કે આકાશમાંથી સંભળાયેલો પ્રેષિતનો અવાજ.પંડિતજીએ કુર્રાનનો સંસ્કૃતમાં અનુવાદ પૂર્ણ કર્યો છે.

**ગીતા પર બેનમૂન કામ**

લખનઉ પંથકના મશહૂર શાયર અને અંગ્રેજીના પ્રાધ્યાપક રહેલા જનાબ અનવર જલાલપુરીના વર્ષ ૨૦૧૪માં ઉર્દૂ અને દેવનાગરીમાં પ્રકાશિત ગ્રંથ ''ઉર્દૂ શાયરી મેં ગીતા''નો પરિચય થયો તો દિલ બાગબાગ થઈ ગયું. હજુ ૨ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ૭૦ વર્ષની વયે જલાલપુરી સાહબ આ ફાની દુનિયાને છોડી ગયા,પણ દુનિયાના ૩-૪ હજાર વર્ષ પુરાણા એવા હિંદુઓના મનાતા ગ્રંથ ભગવદ્ ગીતાને તેમણે જે શબ્દોમાં ભવ્ય અંજલિ અર્પી છે એની તુલનામાં ભાગ્યેજ કોઈ બિન-હિંદુએ એનું બયાન કર્યું હશે. દેશ અને દુનિયાભરમાં મુશાયરાઓની જાન હતા અનવર સાહબ. આજકાલ કેટલાક સડેલા દિમાગવાળાઓની દ્રષ્ટિએ દેશદ્રોહી પેદા કરનારી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ) જેવી વિશ્વવિખ્યાત શિક્ષણ સંસ્થામાંથી તેમણે અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. કર્યું હતું. એમણે તો ૧૯૮૨માં અવધ યુનિવર્સિટીમાં ગીતા પર પીએચ.ડી. કરવા માટે નોંધણી પણ કરાવી હતી. કામ અને પારિવારિક વ્યસ્તતાઓને કારણે એ ડિગ્રી ભલે ના મેળવી શક્યા, પણ એમણે ગીતા વિશે બેનમૂન કામ પોતાની હયાતીમાં કર્યું અને એનું પ્રકાશન પણ કરાવ્યું હતું.

**ગીતામાં તર્ક થકી ઉપદેશ**

- **મર્મ રાષ્ટ્રીય એકતાઃ તુમ પ્યાર કી સૌગાદ લિએ ઘર સે તો નીકલો, રાસ્તે મેં તુમ્હેં કોઈ દુશ્મન ના મિલેગા**
- **અનવર જલાલપુરીના ગીતા અને ભગવાન કૃષ્ણના પ્રેમમાં એમનો ધર્મ ક્યાંય અવરોધ પેદા કરતો નથી**
- **ગીતા માત્ર યુદ્ધ માટે શસ્ત્રો ઉઠાવવાનો ઉપદેશ કરતી હોવાનું માનનારાઓ ગીતાના મર્મને સમજ્યા જ નથી**
- **ગાંધીજી કહે છેઃ એક પાપી બીજા પાપીનો ન્યાય કરી તેને ફાંસીએ લટકાવવાનો દાવો કેવી રીતે કરી શકે?**

હજારો વર્ષ પહેલાંના ગ્રંથ ''ભગવદ્ ગીતા''ના જ્ઞાનને પ્રા.જલાલપુરીએ વર્તમાનમાં પણ સમાજ માટે દીવાદાંડી સમાન ગણાવ્યું છે. જનાબ જલાલપુરી ફરમાવે છે : ''ભગવદ્ ગીતા યુદ્ધમાંથી પણ શાંતિનો સંદેશ આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ પોતાના શિષ્ય જેવા અર્જુનને ''અર્જુન વિષાદયોગ''માં જે ઉપદેશ કરે છે એને અર્જુન તર્ક વિના માનવા તૈયાર નથી.દુનિયામાં કદાચ આ બેનમૂન ગ્રંથ છે જે ભગવાનની વાતને પણ તર્કથી જ માનવા પ્રેરે છે. ઈશ્વરની વાતને તર્કસંગત રીતે રજૂ થયા પછી જ માનવા પ્રેરે એવા આ ગ્રંથને હું સલામ કરું છું.'' ભગવદ્ ગીતા જમીન અને આસમાન, ઈન્સાનો અને દેવતાઓ તેમજ જન્નત (સ્વર્ગ) અને જન્નમ (નર્ક) સહિતના પ્રાચીન હિંદુસ્તાનના જ્ઞાનનો પરિચય કરાવે છે. અતીતનું વર્તમાન સાથે મિલન કરાવે છે.તર્કથી જ વાત કરે છે એટલે એનાથી જ વિજ્ઞાનનો પાયો પણ મજબૂત થાય છે.

**રાષ્ટ્રીય એકતામાં યોગદાન**

ભગવદ્ ગીતાના કુલ ૭૦૧ શ્લોકને સરળતાથી સમજી શકાય એવા ઉર્દૂમાં અનુવાદિત કરનાર અંગ્રેજીના પ્રાધ્યાપક અને મશહૂર શાયર જનાબ અનવર સાહબ પોતાના ગીતાપ્રેમને રાષ્ટ્રીય એકતા સાથે જોડે છે.એમનો એક શે'ર છે :

તુમ પ્યાર કી સૌગાદ લિએ ઘર સે તો નીકલો
રાસ્તે મેં તુમ્હેં કોઈ દુશ્મન ના મિલેગા.

અને સાથે જ તોફાનો અને લડાઈ ઝઘડાઓના માહોલ વિશે પણ એ ફરમાવે છે :

જલાએ હૈં દિયે તો સબ પર નજર રખો
યે ઝાંકે એક પલ મેં ચરાગોં કો બુઝા દેંગે.

અનવર જલાલપુરી ગીતા અને ભગવાન કૃષ્ણના રીતસરના પ્રેમમાં છે.એમનો ધર્મ એમાં ક્યાંય અવરોધ પેદા કરતો નથી.સંસ્કૃત અને ઉર્દૂ બેઉ હિંદુસ્તાની જબાન પર એમને મહારત હાસિલ છે. ગીતાના ગૂઢ તત્વજ્ઞાનને એ પચાવીને પ્રસ્તુત કરી જાણે છે અને કહે પણ છે : ''યે મિટ્ટી કી કાયા કહીકત નહીં, બદન કી યહાં કોઈ કીમત નહીં.'' માત્ર ભગવદ્ ગીતાનો જ ઉર્દૂમાં અનુવાદ કર્યો એટલું નહીં, એમણે તો કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની નોબેલ મેળવનારી કૃતિ ''ગીતાંજલિ''ને પણ ''ઉર્દૂ શાયરી મેં ગીતાંજલિ''( ૨૦૧૩) સ્વરૂપે રજૂ કરવાનું મહાન કાર્ય કર્યું છે.હિંદુસ્તાન વિશેનો એમનો સંદેશ ભાઈચારાનો અને અમનનો છે. ''ફિર ક્યૂં ઈન્સાં ખૂન કા પ્યાસા..મૈં ભી સોચું તું ભી સોચ...તેરા મેરા ખૂન કા રિશ્તા..'' જનાબ જલાલપુરી ''અપને દુશ્મન કો કલેજે સે લગા કે દેખો''ની વાત કરીને દુશ્મનીને દોસ્તીમાં ફેરવી દેવાનો પયગામ સમાજને દેવાનો પ્રયાસ કરે છે.

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ



**માત્ર અનુવાદ નહીં,ભાવાંતરણ**

અનુવાદ કરવાનું કામ બહુ સરળ નથી હોતું.માત્ર શાબ્દિક અનુવાદ નહીં,પણ ભાવાંતરણ કરીને ભગવદ્ ગીતાનો અર્થ સામાન્ય જન સુધી પહોંચાડવાનું કઠીન કામ પણ અનવરમિંયા સહજતાથી કરે છે. એની થોડી ઝલક ગીતાના પહેલા અધ્યાયના અમુક શ્લોકોને એમણે ઉર્દૂમાં કેવી રીતે પ્રસ્તુત કર્યા છે એના પર આછેરી નજર કરતાં જ પરખાઈ જાય છે :

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ;
મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સંજય.

એનો અનુવાદ સમશ્લોકી ''ગીતાધ્વનિ''માં કિશોરલાલ મશરૂવાળા આ રીતે કરે છેઃ

ધર્મભૂમિ કુરુક્ષેત્રે યુદ્ધાર્થે એકઠા થઈ,
મારા ને પાંડુના પુત્રો વર્ત્યા શી રીત, સંજય?

અનવર સાહબ એનો ઉર્દૂમાં સીધો અનુવાદ કરવાને બદલે અજાણી વ્યક્તિને સમજાય એ રીતે પ્રસ્તુત કરે છેઃ

ધૃતરાષ્ટ્ર આંખોં સે મહરૂમ થે
મગર યહ ન સમજો કિ માસૂમ થે.
ઉન્હેં ભી થી ખ્વાહિશ કિ દુનિયા હૈ ક્યા
અંધેરા હૈ ક્યા ઔર ઉજાલા હૈ ક્યા.
ધૃતરાષ્ટ્ર રાજા ભી થે બાપ ભી
સમઝતે થે વહ પુણ્ય ભી પાપ ભી.
કહાની તો સંજય સુનાતા રહા
હૈ મૈદાન મેં ક્યા બતાતા રહા.
વહ મૈદાં જો થા જંગ હી કે લિયે
વહીં સે જલે ધર્મ કે ભી દિયે.
(મહરૂમ =વંચિત)

**યુદ્ધનો સંદેશ કે શાંતિનો**

ઘણીવાર હિંદુ આસ્તિકો પણ ગીતાનો સંદેશ સમજવામાં ભૂલ કરે છે. આ વાત શાયર અનવર સાહબને બરાબર સમજાઈ ગઈ છે. ગીતા યુદ્ધ અનિવાર્ય બન્યા પછી પીછેહઠ નહીં કરવાનો ઉપદેશ કરે છે,પણ એ પહેલાં તો યુદ્ધને ટાળવા માટે ભરસક કોશિશ થાય છે. ભગવાન કૃષ્ણ પણ વિષ્ટિકાર તરીકે કૌરવોની છાવણીમાં જાય છે. આચાર્ય ગુરુદેવો જ નહીં, કૌરવ વંશના અગ્રણીઓ પણ દુર્યોધનમાની જાય તો યુદ્ધની માંડવાળ ઝંખે છે. દુર્યોધન પાંડવોના અસ્તિત્વને જ સહી શકતો નથી અને યુદ્ધ માટે જ જીદે ચડ્યો છે.અપમાનિત પાંચાલી કે દ્રૌપદી અને ભીમ તો યુદ્ધ અટળ લાગતાં રાજી થાય છે. યુદ્ધ આવી જ પડે તો યુદ્ધભૂમિ છોડીને ભાગી જવાની કાયરતા અર્જુન સહિતના દાખવી શકે નહીં. જોકે ગીતા માત્ર યુદ્ધ માટે શસ્ત્રો ઉઠાવવાનો

**અનુસંધાન પાના નં ૭ પર**